ગાંધીનગર સમાચાર

મહેસાણાના યુવાન પવને પાંચને નવજીવન બક્ષ્યું

# રાજ્યમાં નેતૃત્વ પરિવર્તનની ચર્ચાઓથી રાજકારણમાં ગરમી





## નેતૃત્ત્વ પરિવર્તનની અફવાઓ ચલાવતાં પરિબળો દિલ્હીના વલણથી વાકેફ હોવા છતાં રાજકીય અટકચાળાઓમાં પ્રવૃત્ત

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યમાં છેલ્લાં બે વર્ષમાં ત્રીજી વખત નેતૃત્ત્વ પરિવર્તનની વાતોએ રાજકીય બજારને ગરમ કર્યું છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલની સામે અસંતુષ્ટ જૂથ કાવાદાવાઓ રચવામાં અને સોશ્યલ મીડિયામાં અવનવા સંદેશાઓ મોકલી રાજકીય બજારને ગરમ કરવામાં સતત સક્રિય રહે છે. પાટીદાર આંદોલનમાં બે વખત અને ઉનાના દલિત કાંડમાં વધુ એક વખત અસંતુષ્ટ જૂથ સક્રિય બન્યું છે. બે-ચાર દિવસમાં નેતૃત્ત્વ પરિવર્તન આવી રહ્યું છે એવી અફવાઓ જોર-શોરથી ચાલી રહી છે. પક્ષના અંતરંગ વર્તુળો અને દિલ્હીના અધિકૃત સૂત્રોની જાણકારી મુજબ આનંદીબેનને યથાવત રખાશે એવી સ્પષ્ટતાઓ હોવા છતાં અવનવા તુક્કા અને તર્કો દ્વારા આનંદીબેન જઈ રહ્યાં છે એવી વાતોનું વતેસર થઈ રહ્યું છે. ઉનાના દલિત કાંડથી સર્જાયેલી રાજકીય ગરમી નેતૃત્ત્વ પરિવર્તન સુધી પહોંચશે એવી ક્રમબદ્ધ કથાઓ અફવાઓના સમર્થનમાં કહેવાય છે.

દલિત કાંડનો વાયરલ થયેલો વિડીયો પણ ખૂબ ચર્ચાસ્પદ બની રહ્યો છે. એની સાથે રાજકારણ સંકળાયેલું હોવાનું ખુલ્લેઆમ ચર્ચાય છે. આનંદીબેન વિરોધી જૂથ મુખ્યમંત્રીની પ્રતિભાને ઝાંખપ લગાડવાની એકપણ તક છોડતું નથી. સાથોસાથ રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહના ખાસ વિશ્વાસુ અને પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણીનું નામ મુખ્યમંત્રીપદ માટે આગળ હોવાની વાતો ચલાવવામાં આવી રહી છે.

ઉનાના મોટા સામઢિયાળાના દલિત યુવાનો પર અત્યાચારની ઘટનાના પડઘા દેશભરમાં પડતા રાજકારણ ગરમાયું છે. રાજકીય પક્ષોના નેતાઓ ઉના દોડીને આવવા લાગ્યા છે. ઉનાકાંડની ઘટનાથી કેન્દ્ર સરકાર અને ભાજપ મોવડીમંડળ ચિંતિત બન્યું છે.

ઉના કાંડની ઘટના અંગે અને રાજ્ય સરકારે લીધેલા પગલા અંગે કેન્દ્ર સરકારે રીપોર્ટ મંગાવ્યો છે. તેમજ ભાજપ મોવડીમંડળે પણ આ અંગેનો અહેવાલ પોતાની રીતે મેળવ્યો છે. ઉનાકાંડની ઘટનાના પડઘા દેશમાં પડતા ફરી એકવાર ગુજરાતમાં નેતૃત્વ પરીવર્તનની વાતો વહેવા લાગી છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલથી નારાજ એક જુથ ફરી સક્રિય થયું છે અને ભાજપ મોવડીમંડળ સમક્ષ નેતૃત્વ પરીવર્તન અંગે રજુઆતો કરવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

ઉના કાંડથી ભાજપ મોવડીમંડળ ચિંતીત બન્યું છે અને ગુજરાતમાં નેતૃત્વ પરીવર્તન કરવા માટે વિચારી રહ્યુ હોવાની અફવાઓએ જોર પકડ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં જ્યારે પાટીદાર આંદોલન શરૂ થયેલું અને ઉગ્ર બન્યું હતુ. જ્યારે પણ ગુજરાતમાં નેતૃત્વ પરીવર્તનની ચર્ચાઓ અને અફવાઓ શરૂ થઈ હતી અને હવે ઉનાકાંડની ઘટનાના દેશમાં પડઘા પડતા ફરી એકવાર ગુજરાતમાં નેતૃત્વ પરીવર્તન થશે તેવી અફવાઓએ જોર પકડ્યું છે. ઉનાકાંડની ઘટના અંગે કેન્દ્ર સરકારે માંગેલા રીપોર્ટ બાદ રાજ્ય સરકારે લીધેલા પગલાથી ભાજપ મોવડીમંડળ અને વડાપ્રધાન મોદી શું નિર્ણય લેશે અને ગુજરાતમાં નેતૃત્વ પરીવર્તનનો નિર્ણય લેશે કે કેમ તે જોવું રહ્યું.

# જિલ્લાનાં ગામોમાં સાડાચાર હજારથી વધુને ડાયાબીટીસ !!

## આરોગ્ય તંત્ર દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં વિગતો બહાર આવી : નવ હજારને ચશ્માના નંબર

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય જીવનની શૈલીમાં પણ ધીમી ગતિએ આવી રહેલા બદલાવને પગલે ડાયાબીટીસના દર્દીઓ આરોગ્ય તંત્ર દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન સાડાચાર હજારથી વધુ મળી આવ્યા છે.

મલ્ટી પરપઝ હેલ્થ વર્કરો દ્વારા રાજ્ય સરકારની સૂચના અંતર્ગત હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યુ છે. આ સર્વેલન્સની ૯૭ ટકા જેટલી કામગીરી પૂર્ણ થઈ છે. જેમાં કેટલીક ચોંકાવનારી હકીકતો બહાર આવી છે.

આરોગ્ય તંત્ર દ્વારા કરાયેલા આ સર્વેલન્સમાં ૪૯૩૪ વ્યક્તીઓને સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી તેમજ ૨૩૮૦૫ વ્યક્તીઓને જુદી જુદી ખામીઓ જણાઈ આવી હતી. મળતી વિગતો પ્રમાણે આ સર્વેલન્સમાં ૪૬૦૨ વ્યક્તીઓને શંકાસ્પદ ડાયાબીટીસ જણાયો હતો. જેમાં ડાયાબીટીસના વિવિધ લક્ષણો દેખાતાં તેમનો હવે ડિટેઈલ રિપોર્ટ કરાવવા માટે નિષ્ણાત તબીબો પાસે તપાસ કરાવવા જણાવાયું છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મોંઢાના કેન્સરના ૪૨ દર્દીઓ મળી આવ્યા છે. જ્યારે રક્તપિત્તના શંકાસ્પદ ૫૪ જેટલા કેસ મળ્યા છે.

આ સર્વેલન્સમાં આંખની તકલીફો ધરાવતા વ્યક્તીઓ મોટી સંખ્યામાં મળી આવ્યા છે. જેમાં ચશ્માના નંબર ધરાવતા ૯૪૩૭, મોતિયો હોય તેવા ૧૧૬૦, આંખના પડદાના રોગ ધરાવતા ૪૯, ઝામરથી પિડાતા હોય તેવા ૬૯, કીકીના રોગથી પિડાતા હોય તેવા ૧૦૦, ત્રાંસી આંખ હોય તેવા ૩૫૬ દર્દીઓ મળી આવ્યા છે.

આગામી સપ્તાહમાં જિલ્લાના

(અનુ. સાતમા પાને)

# સોમવારથી શિક્ષકોની તાલીમ માટે ખાસ ૧૬ વર્ગ શરૂ કરાશે

## વાંચન-લેખન-ગણન માટે શિક્ષકોને વિશેષ તાલીમ બાળકમાં વિષયરૂચી વધારવા પર ભાર મૂકાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં ગુણવત્તાસભર શિક્ષણ માટે સોમવારથી ૧૮ વર્ગમાં ૮૦૦ શિક્ષકોને તાલિમબદ્ધ કરવામાં આવશે. જેમાં જિલ્લાના ૪૩૦૦ જેટલા શિક્ષકોને આવરી લેવામાં આવનાર છે. ત્રણ તબક્કામાં અપાનાર આ તાલિમમાં વાંચન-લેખન-ગણન ઉપરાંત તેમના વિષયના વર્ગના કોર્ષ આધારિત તાલિમનો સમાવેશ થાય છે.

જિલ્લામાં ગુણોત્સવ-૬ના નબળા પરિણામો પછી હરકતમાં આવેલા શિક્ષણતંત્રએ ત્રિદિવસીય તાલિમનું આયોજન બધા જ શિક્ષકો માટે કર્યુ છે. ઓગષ્ટની ૧૧મી સુધી

(અનુ. સાતમા પાને)

# નગરના મુખ્ય માર્ગો અને સેન્ટ્રલ વર્જમાં જ રખડતાં ઢોરોનો અડ્ડો



## મુખ્ય માર્ગો પર વચાળે જ ઢોરનો અડ્ડો : સેન્ટ્રલ વર્જ ઢોર ડબ્બા સમાન ટ્રાફિક નિયમનના ભંગ બદલ દંડવસૂલી છતાં પૈડાં પરની જિંદગી જોખમી

ગાંધીનગર તા ૨૩

શહેરમાં વરસાદી દિવસોમાં નજર નાંખો ત્યાં રખડતા ઢોર જોવા મળી રહયા છે. શહેરના મુખ્ય માર્ગો પર વચાળે જ રખડતા ઢોર અડીંગો જમાવતા માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી ચિત્ર ઉપસી આવ્યુ છે. નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર જ રખડતા ઢોર માર્ગ વચાળે જ અડીંગો જમાવીને બેસતા ઢોરના લીધે રોજબરાજ અકસ્માતો સર્જાય છે. સ્માર્ટ સિટીના શમણાં સેવાઈ રહયા છે. ત્યારે રખડતા ઢોરની જુની સમસ્યા દિનરપ્રતિદિન જટીલ બનતી જાય છે. શહેરના સેકટરોમાં પથરાયેલા ઝુંપડાના દબાણો દુર કરવા ટીમ કામે લાગી છે. જયારે પ્લાસ્ટીક મુક્ત કરવા માટે પણ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. પરંતુ દાયકાઓ જુની રખડતા ઢોરની સમસ્યા હજુ પણ યથાવત છે. દિન પ્રતિદિન આ પ્રશ્ન વધુ ગંભીર બનતો જાય છે. શહેરમાં રખડતા ઢોરના લીધે માર્ગ સલામતી સામે મોટો પ્રશ્ન મંડરાયો છે. છેલ્લા કેટલાક દિવસથી નગરના આંતરિક વિસ્તારોની સાથે મુખ્ય માર્ગો પર જ રખડતા ઢોરનો અડીંગો જોવા મળે છે. વરસાદી દિવસોમાં શહેરના મુખ્ય માર્ગો પર આડશ બનીને અડીંગો જમાવતા ઢોરના લીધે રોજબરોજ અકસ્માતો સર્જાય છે. મુખ્ય માર્ગો પર વચાળે તેમજ સેન્ટ્રલ વર્જમાં અડીંગો જમાવતા ઢોરના લીધે ખાસ કરીને દ્વિચક્રી વાહન ચાલકો અકસ્માતને ભેટે છે. એકબાજુ વાહનચાલકો માર્ગ સલામતીના મામલે વધુ સજાગ બને તે માટે હેલ્મેટ ફરજિયાતના અભિગમ સાથે દંડ વસુલી કરવામાં આવી રહી છે. ત્યારે વાહનચાલકો માટે નગરના માર્ગો જ સલામત ન રહયા હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ પણ રખડતા ઢોરની સમસ્યા હલ કરવા માટે કોઈ નક્કર પગલા લેવાયા નથી. નગરના બ્યુટીફિકેશન માટે કરોડો રૂપિયાનુ આંધણ કરવામાં આવી રહયુ છે. જયારે નગરજનોની સલામતીને જોખમમાં મુકતી સમસ્યાઓ નિવારવા માટે ઉદાસીનતા સેવાઈ રહી છે.

## બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી અશોકભાઈ બી. ભટ્ટ તા. ૧૯-૭-૨૦૧૬ ને મંગળવારના રોજ રંગશરણ પામ્યા છે. સદ્‌ગતનું **બેસણું તા. ૨૪-૭-૨૦૧૬** ને **રવિવારે** સવારે ૯ થી ૧૧ દરમ્યાન નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં. ૧૦૯૩/૧, સેક્ટર-૬ સી, ગાંધીનગર**

લિ. ઉપેક્ષ એ. ભટ્ટ

### ટેન્ડર

જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, બ્લોક નં. ૧૯૦/૨, ગ-૧ ટાઈપ, સેક્ટર-૩૦, ગાંધીનગર દ્વારા સને ૨૦૧૬-૧૭ના વર્ષમાં યોજાનાર જીલ્લા/ રાજ્યકક્ષા/ખેલમહાકુંભ સ્પર્ધા/શિબીરો/ સાંસ્કૃતિક કાર્યક્રમ દરમ્યાન રમતગમતના સાધનો, ગણવેશ, ફરાસખાના, વાહન, ભોજન, ઓડીયો-વિઝ્યુઅલ, પ્રિન્ટીંગ-સ્ટેશનરી, સિક્યુરીટી, મેદાન મરામત રંગ રોગાન તેમજ અન્ય આઈટમ માટે અનુભવી કોન્ટ્રાક્ટરો પાસેથી ભાવપત્રક મંગાવવામાં આવે છે. આ ભાવપત્રકોની શરતો અને ટેન્ડર કોપી મેળવીને જાહેરાત પ્રસિધ્ધ થયાના દિન-૧૫માં બંધ કવરમાં ટેન્ડર ઉપરોક્ત સ્થળે ઓફીસ સમય દરમ્યાન પહોંચતા કરવા. કોઈપણ ટેન્ડરનો સ્વીકાર કરવો કે ન કરવો તે માટે જિલ્લા રમત ગમત અધિકારીનો નિર્ણય આખરી અને સર્વેને બંધનકર્તા રહેશે.

(નયન હેમચંદ્ર થોરાત)
જિલ્લા રમત ગમત અધિકારી
ગાંધીનગર

માહિતી/૧૦૪૦/૨૦૧૬-૧૭

### જાહેર નિવીદા

સરકારી પોલિટેકનીક સેક્ટર-૨૬ અને સ્ટાફ ક્વાર્ટર્સ સેક્ટર-૨૪ ખાતે ઉગેલ ઘાસની જાહેરહરાજી તા. ૦૪/૦૮/૨૦૧૬ના રોજ બપોરે ૨:૦૦ કલાકે સંસ્થા ખાતે સેક્ટર-૨૬માં રાખેલ છે. તો રસ ધરાવનાર ઈસમોએ રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા)ની ડીપોઝીટ ભરી રૂબરૂ હાજર રહેવું.

આચાર્ય
સરકારી પોલિટેકનીક, ગાંધીનગર

માહિતી/૧૦૩૯/૨૦૧૬-૧૭

**Walk in Interview**
આપના વિસ્તારમાં
ભારત સરકાર દ્વારા માન્ય, પ્રતિષ્ઠિત કંપની માટે :
- શું તમે એક ઉજ્જવળ કારકિર્દીની શોધમાં છો ?
- શું તમને નથી લાગતું કે વધતી મોંઘવારીની સામે તમારા પરિવારને દર મહિને એક Extra Incomeની જરૂર છે ?

જોઈએ છે
- પાર્ટ ટાઈમ / ફુલ ટાઈમ ● અનુભવી / બિનઅનુભવી ● Male/Female
- ઉંમર : ૨૫-૬૫ વર્ષ ● શૈક્ષણિક લાયકાત : H.S.C. & Graduate
- ગૃહિણીઓ માટે પણ ખાસ તક ● રીટાયર્ડ વ્યક્તિ માટે
- તાલીમ સાથે દર મહિને ફિક્સ સ્ટાઈપેન્ડ (Stipend) પણ આપવામાં આવશે.

મો. : ૯૯૦૯૨ ૮૮૫૮૧

HOT SPOT in HOT SEASON for FAMILY PICNIC



નિરવતાનો રવ...
bansari Greens
Special Discount Packages for two Persons*
2 Night Stay @ Rs. 8,500 + Tax (Monday to Friday) (Except Festivals)
2 Night Stay @ Rs. 9,500 + Tax (Saturday-Sunday & Holidays)
Offer Includes Lunch - Hi-tea - Dinner & Morning Breakfast.
We also offer indoor - outdoor Games & Swimming.
For Booking Call
Ashish Soni : 70690 96551
Biren Shrimali : 99249 31224
Hiren Mehta : 70690 96550
Nr. Grambharti, Gandhinagar-Mahudi Road, At. Aluva, Dist. Gandhinagar.
e-mail : info@bansarigreensresort.com, www.bansarigreensresort.com

# મહેસાણાના યુવાન પવને પાંચને નવજીવન બક્ષ્યું

## અકસ્માતમાં બ્રેઈનડેડ થયેલ યુવાનની બે કિડની, લીવર અને આંખોના દાનથી પાંચ વ્યક્તિઓને નવજીવન મળ્યું : સિમ્સ હૉસ્પિટલ ખાતે સફળ પ્રત્યારોપણ



ગાંધીનગર, તા. ૨૩

કોલેજમાં બ્લડ ડોનેશન સહિતની સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેનાર મહેસાણના ૨૩ વર્ષિય યુવાને મૃત્યુ પછી પણ પાંચ વ્યક્તિઓના જીવનને સુખમય અને દીર્ઘાયુ બનાવી દીધુ છે. અકસ્માતમાં બ્રેનડેડ જાહેર થનાર પવનકુમારના વિવિધ અંગોના દાનનો નિર્ણય પરિવારજનોએ લઈ તેનુ ટ્રાન્સપ્લાન્ટ અન્ય પાંચ વ્યક્તિઓમાં કરવામાં આવતા તેઓને નવજીવન બક્ષ્યુ છે.

મહેસાણાના ૨૩ વર્ષિય યુવાન પવનકુમાર ચૌધરીને ગત તા. ૧૫મી જુલાઈના રોજ મહેસાણા-રાધનપુર હાઈવે પર બે એક્ટિવા સામસામે અથડાતા અકસ્માત નડ્યો હતો. ફાર્મસી કોલેજમાં અભ્યાસ કરતા પવનકુમારને અકસ્માતમાં મગજમાં ગંભીર ઈજાઓ થતાં પહેલા મહેસાણાની ખાનગી હોસ્પિટલમાં અને તે પછી અમદાવાદની સીમ્સ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. બે-ત્રણ દિવસની સારવાર બાદ રિકવરી ન થતાં ચીમ્સના ડૉ. પ્રણવ જોષીએ બે-ત્રણ ટેસ્ટ કરી પવનકુમારને બ્રેનડેડ જાહેર કર્યો હતો. પવનકુમારને બ્રેનડેડ જાહેર કરાતાં જ તેના પરિવારજનો પર આભ તુટી પડ્યું હતું. કોલેજમાં બ્લડ ડોનેશન સહિતની સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેનાર પવનકુમારના મૃત્યુને મંગલમય બનાવવા માટે પરિવારજનોએ તેના અંગોનું દાન કરવાનો નિર્ણય કર્યો. સીમ્સ હોસ્પિટલના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર નિખીલભાઈ વ્યાસે તમામ વ્યવસ્થા ગોઠવતા પવનકુમારની બે કિડની અને એક લિવરનું દાન લઈ સીમ્સ હોસ્પિટલમાં જ તેનું પ્રત્યારોપણ અન્ય વ્યક્તિઓમાં કરવામાં આવ્યું. જ્યારે આંખોનું દાન રેડક્રોસ આઈ બેંકને કરવામાં આવ્યુ. પવનકુમાર ચૌધરીના અંગો થકી પાંચ વ્યક્તિઓને સ્વસ્થ દિર્ઘાયુ જીવનની પ્રાપ્ત થઈ. પવનકુમારના પિતા અભેરાજભાઈ ચૌધરી અને પરિવારજનોએ ખુબ ઉમદા નિર્ણય લઈ પાંચ પરિવારોમાં ખુશાલી બક્ષી છે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

# ગાંધીનગરમાં આવીને દિલને સુકૂન મળે છે : રાજીવ ખંડેલવાલ



ગાંધીનગર ઈન્ફોસિટી સ્થિત આઈ એન આઈ એફ ડીના સેન્ટરમાં ફેશન ડિઝાઈનીંગના વિદ્યાર્થીઓ માટે ત્રિદિવસીય વર્કશોપ ચાલી રહયો છે. ત્યારે વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરવા તેમજ આગામી ૫ ઓગષ્ટના રોજ રિલીઝ થનારી ફિલ્મ ફિવરના પ્રમોશન માટે બોલીવુડ અભિનેતા રાજીવ ખંડલવાલ તેમજ અભિનેત્રી ગોહર ખાન અહીંના મહેમાન બન્યા હતા. આ તબક્કે રાજીવે તેમની ફિલ્મ ફિવર અંગે રસપ્રદ વાતો બયાન કરતા જણાંવ્યુ હતુ કે બહુ લાંબા સમય બાદ સસ્પેન્સ થ્રીલર ફિલ્મ દર્શકોને જોવા મળશે. આ ફિલ્મનુ ઈન ડોર તેમજ આઉટ ડોર શુટીંગ સ્વીઝરલેન્ડમાં થયુ છે. જયારે ફિલ્મની સ્ટોરી પણ તદન નવી જ છે. ગાંધીનગરની ગ્રીનરી બહુ જ મનભાવન છે. તેમણે જણાંવ્યુ હતુ કે ગાંધીનગર જેવા આયોજનબધ્ધ શહેરમાં આવીને દિલને શુકુન મળે છે.

ગાંધીનગર તા ૨૩

બોલીવુડમાં બહુ લાંબા સમય બાદ સસ્પેન્સ થ્રીલર ફિલ્મ ફિવર આવી રહી છે. ફિલ્મના અંતનો અનુમાન લગાવી શકાય નહી તેવી રોમાંચિત મુવી અંગે ફિલ્મના એકટર રાજીવ ખંડેલવાલે જણાંવ્યુ હતુ કે આ ફિલ્મનુ સંપુર્ણ શુટીંગ સ્વીઝરલેન્ડમાં થયુ છે. ફિલ્મ આગામી તા ૫ ઓગષ્ટના રિલીઝ થવાની છે. આ પુર્વે ગાંધીનગરમાં ઈન્ફોસિટી સ્થિત આઈ એન આઈ એફ ટી માં ફિલ્મના પ્રમોશન માટે આવેલા રાજીવ ખંડેલવાલ તેમજ ગોહર ખાન તેમની નવી ફિલ્મ અંગે રસપ્રદ વાતો કરી હતી. રાજીવને ગાંધીનગરની હરિયાળી પ્રત્યે અદમ્ય આકર્ષણ છે. તેમના મતે ગાંધીનગર પ્લાનીંગથી નિર્માણ કરાયેલુ શહેર છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com